# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, આગામી પાંચ વર્ષમાં BSFને વિશ્વનું સૌથી આધુનિક અને આક્રમક દળ બનાવવાનો સરકારનો લક્ષ્યાંક- ભુજમાં BSFના હીરક જંયતીની ઉજવણી
2. સ્ટેટ મૉનિટરિંગ સેલે કેફી દ્રવ્યની હેરાફેરી કરતા 10 લોકો સામે ગુનો દાખલ કર્યો.
3. કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ, અને દાદરા નગર હવેલીના જિલ્લા પંચાયતના નવા ચૂંટાયેલા સભ્યોએ શપથ લીધા
4. રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં ઠંડીમાં ઘટાડાની આગાહી
5. ત્રિપુરામાં યોજાનારી રાષ્ટ્રીયકક્ષાની ચેસ સ્પર્ધામાં પાટણનાં વિદ્યાર્થિનીની પસંદગી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશભરમાં ચાલી રહેલી મતદારયાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશમાં સંપૂર્ણ સહકાર આપવા પણ લોકોને અપીલ કરી. કચ્છના ભુજમાં સરહદ સુરક્ષા દળ – BSFના હીરક જયંતી સમારોહને સંબોધતા તેમણે આ ઝૂંબેશને મતદારયાદીના શુદ્ધિકરણ અને લોકશાહીના સશક્તિકરણ માટે મહત્વની ગણાવી હતી.

(BYTE:AMIT SHAH, HOME MINISTER) – SIR

દરમિયાન શ્રી શાહે આગામી એક વર્ષ BSFના આધુનિકીકરણ અને બળના જવાનોના કલ્યાણ માટે સમર્પિત રહેશે તેવી જાહેરાત પણ કરી. ગૃહ મંત્રાલયે આગામી પાંચ વર્ષમાં BSFને વિશ્વનું સૌથી આધુનિક અને આક્રમક દળ બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે, તેમ પણ તેમણે ઉમેર્યું.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)– NEXT FIVE YEAR

શ્રી શાહે સરકારની મુખ્યપહેલ “ઇ-બૉર્ડર” સુરક્ષાને લાગુ કરવામાં BSFની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું. દેશની સરહદ સલામતીની સાથે સાથે આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા બી એસ એફએ ઉગ્રવાદ, ઘૂસણખોરો સામે કરેલી કામગીરીની પણ તેમણે પ્રશંસા કરી હતી. આ પ્રસંગે શ્રી શાહે એક સ્મારક ટપાલ ટિકિટ જાહેર કરી અને પરેડનું નિરીક્ષણ કર્યું. તેમણે હેડ કૉન્સ્ટેબલ સાંવલા રામ બિશ્નોઈને મરણોત્તર વીરતા ચંદ્રક  એનાયત કર્યો, અને રાષ્ટ્રીય સુરક્ષામાં નોંધપાત્ર યોગદાન બદલ BSFના વીર યોદ્ધાઓને ચંદ્રક અને ટ્રોફીથી સન્માનિત  કર્યા.

-------------

# AMIT SHAH MORBI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મોરબીમાં જિલ્લા ભાજપ કાર્યાલય “શ્રી કમલમ્”નું લોકાર્પણ કર્યું. શનાળા—રાજકોટ રાજમાર્ગ પર યોજાયેલા આ લોકાર્પણ પ્રસંગે કાર્યકર્તા અભિવાદન સમારોહ પણ યોજાયો. આ પ્રસંગે કાર્યકરોને સંબોધતા શ્રી શાહે આગામી સમયમાં પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ભાજપની સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

-------------

# STATE-MOCKDRILL

રાજ્યમાં આજે તેલ અને રસાયણ આપત્તિ અંગે મોકડ્રીલ એટલે પૂર્વ આયોજીત અભ્યાસ કરાયો. તેમાં ભારતીય સેના, નૌકાદળ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ - NDRF સહિત સ્થાનિક સંસ્થાઓ જોડાઈ.

મોકડ્રીલ અંગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો જયંતી રવીએ કહ્યું, ગાંધીનગર, જામનગર, ભરૂચ, દેવભૂમિદ્વારકા અને કચ્છ જિલ્લાના 12 સ્થળ પર મોકડ્રીલ યોજાઇ.

(બાઇટ – જયંતી રવિ)

કચ્છમાં તેલ અને રસાયણ સંબંધિત દુર્ઘટનાઓના નિવારણ માટે આ કવાયત યોજાઇ. આકસ્મિક આપત્તિની સ્થિતિમાં લોકોની સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા વાસ્તવિક અભ્યાસ કરાયો.

-------------

# SMC GUJCTOC KARYAVAHI

સ્ટેટ મૉનિટરિંગ સેલે કેફી દ્રવ્યની હેરાફેરી કરતા સમૂહના 10 લોકો સામે ગુજસીટૉક એટલે કે, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ સમૂહના મુખ્ય સૂત્રધાર વિશ્વાસ સહિત પાંચ આરોપીની ધરપકડ પણ કરી છે. મૂળ મહારાષ્ટ્રના નંદૂરબારના રહેવાસી આરોપી વિશ્વાસ સામે અત્યાર સુધી 82 ગુના દાખલ કરાયા છે તેમ સ્ટેટ મોનિટરિંગ સેલના SP મયુર ચાવડાએ જણાવ્યું.

**(BYTE: MAYUR CHAVDA, SP, SMC)**

-------------

# DAMAN-SHAPATH SAMAROH

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દીવ અને દાદરાનગર હવેલીના જિલ્લા પંચાયતના નવા ચૂંટાયેલા સભ્યોએ આજે શપથ લીધા. દમણમાં PRIના સચિવ નિખિલ દેસાઇએ જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નવા 16 સભ્યોને શપથ લેવડાવ્યા હતા. આ ઉપરાંત દીવ અને દાદરા નગર હવેલીના જિલ્લા પંચાયતના સભ્યોને વિડીયો કોન્ફરન્સ દ્વારા શપથ લેવડાવ્યા હતા.

દીવમાં બૂચરવાડા અને ઝોલાવાડી ગ્રામ પંચાયતના સરપંચો અને આઠ-આઠ સભ્યોએ શપથ લીધા હતા, જ્યારે જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શિવમ મિશ્રાની ઉપસ્થિતીમાં જિલ્લા પંચાયતના આઠ સભ્યોએ પણ શપથ લીધા હતા

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં ઠંડીમાં ઘટાડાની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ, હાલ રાજ્યમાં 10.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે આ માહિતી આપી હતી.

-------------

# GUJARAT ATS INVESTIGATION

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS-એ નવ નવેમ્બરે પકડેલા આતંકવાદીઓ પાસેથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન I.S.I.S.નો ઝંડો, ડિજિટલ પુરાવા અને CCTV ફૂટેજ કબજે કરાયા છે. ગુજરાત A.T.S.ના SP કે. સિદ્ધાર્થે જણાવ્યું, આ કેસમાં ચાલી રહેલી તપાસ દરમિયાન આતંકવાદ સૈયદ મોહિઉદ્દીનના ફોનમાંથી આ અંગેની માહિતી મળી.

-------------

# GIR SOMNATH SIR

રાજ્યભરમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી માટેની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા હેઠળ ગીરસોમનાથના જિલ્લા કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે આજે ઍન્યુમરૅશન ફૉર્મ એટલે કે, ગણતરી પત્રક ભર્યું. તેમણે સમગ્ર જિલ્લામાં બૂથ સ્તરના અધિકારીઓ – BLO દ્વારા અપાતા ગણતરી પત્રક ઝડપથી પરત પહોંચાડવા માટે મતદારોને અપીલ કરી.

**(BYTE: N. V. UPADHYAY, COLLECTOR, GIR SOMNATH)**

-------------

# PATAN CHESS PLAYER

પાટણની વિદ્યાર્થિની વૈશ્વી પટેલની રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધા માટે પસંદગી થઈ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, સરસ્વતી શિશુમંદિરમાં ધોરણ આઠમાં ભણતી આ ખેલાડીએ પંચમહાલના ગોધરામાં યોજાયેલી

રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કર્યું. હવે તે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા રમવા આગામી 27થી 30 નવેમ્બરે ત્રિપુરા જશે.

-------------

# BHARUCH ILLEGAL MINING

ભરૂચના ભૂસ્તર વિભાગે ગત 24 કલાકમાં ગેરકાયદે ખનીજ વહન કરતા ત્રણ કરોડથી વધુની કિંમતના 18 વાહન કબજે કર્યા છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, જિલ્લાના ખાણ ખનીજ વિભાગની ટુકડી સહિત ગાંધીનગર અને સુરતની ટુકડીએ સાથે મળીને આકસ્મિક તપાસ કરતા વિવિધ સ્થળ પર ખનીજનું વહન થતું હોવાનું જણાયું.

ભૂસ્તરશાસ્ત્રી નિકુલ દેસાઈએ જણાવ્યું, આગામી દિવસોમાં પણ વિશેષ ઝૂંબેશ હેઠળ આકસ્મિક તપાસ કરી ગેરકાયદેસર રીતે ખનીજ અને રેતીનું વહન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરાશે.

-------------

# ESDM HUB GUJARAT

વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મહત્વની ગોળમેજી પરિષદ યોજાઈ. તેમાં શ્રી મોઢવાડિયાએ ગુજરાતને ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને મેન્યુફેક્ચરિંગ ESDM ક્ષેત્રનું કેન્દ્ર બનાવવા પર ભાર આપ્યો.

રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ પૂરવઠા માળખામાં રોકાણ અને માળખાગત વિકાસને વધુ વેગ આપવાના હેતુસર યોજાયેલી આ પરિષદના સંવાદ સત્રમાં 25-થી વધુ ECMS ઉદ્યોગ અગ્રણીઓ જોડાયા.

-------------

## PANCHMAHAL ACCIDENT

પંચમહાલના ગોધરામાં આગના કારણે ગૂંગળાઈ જવાથી એક જ પરિવારના ચાર લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે, બામરોલી માર્ગ પર ગંગોત્રી વિસ્તારમાં આજે વહેલી સવારે આગનો બનાવ બન્યો હતો. અગ્નિશમન દળના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી. તેમજ મૃતકોના મૃતદેહને બહાર કાઢ્યા હતા તેમ અગ્નિશમન દળના અધિકારી મુકેશ આહીરે જણાવ્યું.

-------------

## AMRELI BRIDGE KHATMUHURT

ઉર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ અમરેલીના ચાંપાથળ ગામમાં મૅજર બ્રિજની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું. માર્ગ અને મકાન વિભાગ હેઠળ આ બ્રિજ માટે સાડા નવ કરોડ રૂપિયાનું અનુદાન ફાળવાયું છે. ચાંપાથળથી સાવરકુંડલાને જોડતા હયાત બેઠા બ્રિજની

જગ્યાએ નવો મેજર બ્રિજ મંજૂર થતાં જોડાણમાં વધારો થશે. તેમજ નાગરિકો, વાહનચાલકોને અવરજવર માટે વધુ સુગમતા રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------